# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme ની સમય મર્યાદા ૫ વર્ષ સુધી લંબાવવા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી...

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રિ અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સ્કિમની સમય મર્યાદા તા.૩૧-૮-૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. પરંતુ આ સમયગાળો ખુબ જ ઓછો હોવાથી નિકાસકારો માટે ઘણા બધી સમસ્યાઓ ઉદભવી રહી છે. ખાસ કરીને સપ્લાય ચેન, ચલણની વધ ઘટ, ડોકયુમેન્ટસની જટીલતા, સરકારની મર્યાદા, વૈશ્વીક સ્પર્ધાત્મકતા વિગેરેનો સામનો કરવો પડી રહયો છે. નિકાસકારોને વેગ મળી રહી તે માટે Interest Equalization Scheme મહત્વની ભુમિકા ભજવે છે ત્યારે આ સ્કિમની સમય મર્યાદા ૫ વર્ષ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

વધુમાં રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના રેપો રેટને ધ્યાનમાં રાખી Interest Equalization Scheme અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઇ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉધોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી, નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિથારામનજી તથા પીએમ ઓફિસને રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.